SIMULATIONS
Public Affairs Management Services

D-309, Shivalik Corporate Park, B/h IOC Petrol Pump, Between Shymal – Shivranjani Cross Rd, On 132 Ft Ring Road, Satellite, Ahmedabad – 380015
Ph : 079- 65214200 Fax : 079-40065014
Email : simulationsindia@gmail.com

Gujarat Times
Edition: Newyork / chicago | **Date:** July 08, 2011 | **Page No:** 23 | **Category:** Sterling Hospital

Sterling Hospital successfully undertakes living donor liver transplant

સ્ટર્લિંગ હોસ્પિટલમાં જીવિત દાતાના લીવરની મદદથી સફળ લીવર ટ્રાન્સપ્લાન્ટ

અમદાવાદ: સતત ૧૪ કલાકની ભારે જહેમત પછી, ગુજરાતની કોર્પોરેટ હોસ્પિટલોમાં અગ્રેસર સ્ટર્લિંગ હોસ્પિટલ, અમદાવાદની ડોક્ટર્સ ટીમ દ્વારા એક જીવિત વ્યક્તિના લીવરની મદદથી, લીવર સિરોસીસથી પીડાતી વ્યક્તિમાં સફળ લીવર ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવ્યું હતું. આણંદના પચીસ વર્ષની ઉંમરના જનરલ પ્રેક્ટિશનર ડો. કનુભાઈ ગોહિલ અને તેમના સંબંધી પૂનમ પરમાર પર આ ઓપરેશન ડો. એ. એસ. સોઈન, ડો. હિતેશ ચાવડા, ડો. રવિ મોહન્કા અને તેમની ટીમે કર્યું હતું. ગુડગાંવના મેડિસિટી - ઈન્સ્ટિટ્યૂટ ઓફ લીવર ટ્રાન્સપ્લાન્ટેશન એન્ડ રિજનરેટિવ મેડિસીનના ચીફ લીવર ટ્રાન્સપ્લાન્ટ એન્ડ હિપેટોબિલિયરી સર્જન ડો. એ. એસ. સોઈન અને તેમની ટીમ ભારતમાં લીવર ટ્રાન્સપ્લાન્ટેશનનો સૌથી વધુ અનુભવ ધરાવે છે.

ડો. હિતેશ ચાવડા

આ કેસ અંગેની વિગત આપતાં સ્ટર્લિંગ હોસ્પિટલ, અમદાવાદના કન્સલ્ટન્ટ - હિપેટોબિલિયરી સર્જન તથા લીવર ટ્રાન્સપ્લાન્ટ પ્રોગ્રામના ડિવિઝન ચીફ ડો. હિતેશ ચાવડાએ જણાવ્યું હતું કે ગયા મહિને ડો. કનુભાઈએ પેટની તકલીફ, અશક્તિ અને કમળાની ફરિયાદ સાથે હોસ્પિટલનો સંપર્ક કર્યો હતો. તબીબી તપાસમાં જણાયું હતું કે ૨૦ વર્ષ અગાઉ કોઈ રક્તદાતા તરફથી તેમને હિપેટાઇટિસ-સીનો ચેપ લાગ્યો હતો અને તેને કારણે લીવર સિરોસિસ થયું હતું. તેઓ ટર્મિનલ લીવર ફેઈલ્યોરના છેલ્લા તબક્કાનો ભોગ બન્યા હતા અને લીવર ટ્રાન્સપ્લાન્ટેશન કર્યા વગર થોડાંક સમાહથી વધુ જીવી શકે તેમ નહોતા. આથી અમે તેમને મૃત વ્યક્તિનું લીવર ટ્રાન્સપ્લાન્ટ નહિ કરવા માટે સલાહ આપી હતી, કારણ કે આવા કિસ્સામાં દર્દીના બ્લડ ગ્રુપ અને પ્રતીક્ષાયાદીના નંબરને આધારે લીવર મેળવવા એકથી બાર મહિના રાહ જોવી પડે છે. આથી અમારી સમક્ષ તેમની પર એલડીએલટી (લીવિંગ ડોનર લીવર ટ્રાન્સપ્લાન્ટેશન) કરવાનો એકમાત્ર વિકલ્પ હતો.

લિવિંગ ડોનર લીવર ટ્રાન્સપ્લાન્ટેશન (એલડીએલટી)થી સ્ટર્લિંગ હોસ્પિટલનો સમાવેશ દેશની ટોચની હોસ્પિટલોમાં થયો છે

તેમના સાળા પૂનમ પરમાર તેમની મદદે આવ્યા. પૂનમનું બ્લડ ગ્રુપ મેચ થતું હોવાથી તેમણે તેમના લીવરનો એક હિસ્સો દાનમાં આપવાની ઈચ્છા દર્શાવી.

સ્ટર્લિંગ હોસ્પિટલમાં ૨૦મી મેએ આજુબાજુમાં આવેલાં બન્ને ઓપરેશન થિયેટરોમાં આ ઓપરેશન કરાયું હતું અને દાતા તેમ જ દર્દીને હોસ્પિટલમાંથી અનુક્રમે સાતમા અને બારમા દિવસે તંદુરસ્ત હાલતમાં રજા અપાઈ હતી.

એલડીએલટીની અનિવાર્યતા અંગે ચર્ચા કરતા ડો. ચાવડાએ જણાવ્યું કે ઉપયોગમાં લેવાતા સોતોને ધ્યાનમાં રાખતાં એલડીએલટી મોટી શસ્ત્રક્રિયા છે. લીવરદાતા અને સ્વીકારનાર દર્દી માટે ઓછામાં ઓછા ૩૦ સ્પેશિયલિસ્ટ ડોક્ટરની ઓપરેશન પહેલાં, ઓપરેશન દરમિયાન અને ઓપરેશન પછી જરૂર પડે છે. શસ્ત્રક્રિયામાં દર્દીના સંબંધી (ડોનર)ના લીવરનો એક ભાગ દૂર કરીને લીવરની બીમારી ધરાવતા દર્દીની શસ્ત્રક્રિયા માટે જરૂરી બને છે. આ બન્ને માટે એક-એક એનેસ્થેટિસ્ટની જરૂર પડે છે. ઉપરાંત રિલીફ સર્જનને હાજર રખાય છે. સમગ્ર ઓપરેશન દરમિયાન રેડિયોલોજિસ્ટને પણ થિયેટરમાં હાજર રખાય છે, જેથી અલ્ટ્રાસાઉન્ડ સ્કેન કરીને જાણી શકાય કે ડોનરનું લીવર સ્વીકારનારના શરીરમાં યોગ્ય રીતે ગોઠવાઈ ગયું છે અને લોહીનો પ્રવાહ યોગ્ય રીતે પ્રસ્થાપિત થયો છે.

લીવર સ્વીકારનાર દર્દીને લીવર રિસીઝ હોવાથી લોહીની રૂઝ આવવાની ક્ષમતા પર અસર પડતી હોવાથી બ્લડ સ્પેશયલિસ્ટને પણ હાજર રખાય છે. એક નેફ્રોલોજિસ્ટ (કિડની એક્સપર્ટ)ની પણ જરૂર પડે છે, જેથી દાન આપનાર અને સ્વીકારનાર બન્નેનાં લીવર યોગ્ય રીતે કામ કરે છે તે જાણી શકાય. ઉપરાંત ચેપી રોગોના નિષ્ણાત, હૃદયરોગ નિષ્ણાત અને ન્યરોલોજિસ્ટની પણ ટીમમાં જરૂરિયાત રહે છે.

આ ઓપરેશન ટીમમાં ડો. એસ. પટવારી, ડો. નિલય મહેતા (હિપેટોલોજિસ્ટ) ડો. વિસ્મિત જોશીપુરા, ડો. અમિત શાહ, ડો. આશિષ પરીખ અને ડો. સુમનના (સર્જન્સ)ની બનેલી સ્થાનિક ટીમનો સમાવેશ થતો હતો. એનેસ્થેશિયા ટીમમાં મેદાન્તા હોસ્પિટલ, ગુડગાંવના ડો. વિજય વહોરા અને ડો. સંજીવ ઉપાધ્યાય, ડો. રક્ષેશ દેસાઈ અને ડો. ભાવિન પટેલનો સમાવેશ થયો હતો.

સ્ટર્લિંગ એડલાઈફ ઈન્ડિયા લિમિટેડના સીઈઓ રાજીવ શર્માએ જણાવ્યું હતું કે આવી સક્ષમ ટીમ અને સાથે દવાઓ તથા અતિ આધુનિક ઉપકરણો આવા ઓપરેશન માટે જરૂરી બનતાં હોય છે અને શસ્ત્રક્રિયા પડકારરૂપ હોય છે. આ પરિસ્થિતિને કારણે સમગ્ર ભારતમાં જૂજ હોસ્પિટલોમાં જ એલડીએલટીના ઓપરેશન થાય છે. સ્ટર્લિંગ હોસ્પિટલ્સ, અમદાવાદ આ સિદ્ધિ હાંસલ કરવાનું ગૌરવ અનુભવે છે.

સ્ટર્લિંગ એડલાઈફ ઈન્ડિયા લિમિટેડની માલિકીની અને સંચાલિત સ્ટર્લિંગ હોસ્પિટલ ગુજરાતની અગ્રણી કોર્પોરેટ હોસ્પિટલ છે. અમદાવાદ, વડોદરા, રાજકોટ અને ભાવનગરમાં આવેલી હોસ્પિટલ મલ્ટી સ્પેશયલિટી ટર્શ્યરી કેર સુવિધા ધરાવે છે, જ્યારે મુન્દ્રા SEZ અને આદિપુરની હોસ્પિટલ હાઈ એન્ડ સેકન્ડરી કેર ધરાવે છે. આ ઉપરાંત કલોલ અને મહેસાણામાં બે સેટેલાઇટ સેન્ટર પણ ધરાવે છે.

સ્ટર્લિંગ હોસ્પિટલ, અમદાવાદ એ NAVH અને NABL એક્રેડિટેશન ધરાવતી ગુજરાતની સૌપ્રથમ હોસ્પિટલ છે અને સતત ત્રણ વર્ષ સુધી અમદાવાદની શ્રેષ્ઠ હોસ્પિટલ તરીકેનું સન્માન ધરાવે છે, જ્યારે સ્ટર્લિંગ હોસ્પિટલ, વડોદરા NABH એક્રેડિટેશન ધરાવતી દક્ષિણ ગુજરાતની સૌ પ્રથમ હોસ્પિટલ છે. *(જીટીએનએસ)*